**અમદાવાદ (ગ્રામ્ય)ના મે. બીજા એડી. જ્યુડી. મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં,**
મુ. મીરઝાપુર, અમદાવાદ.

---

ક્રિ. કે. નં. ૪૯૧૯/૨૦૨૦

ફરીયાદી : શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી : કાતીકેય જયસુખલાલ સોની

**ગુન્હો : ઈ.પી.કો.કલમ ૧૮૮**

**:: ચુકાદો ::**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આરોપી સામે ઈ.પી.કો. ક. ૧૮૮ ના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

(૨) આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપવાની ખાત્રી કરેલ છે. આરોપીને ગુના કબુલાત અંગે પુછતા આરોપી પ્રથમ તબકકે ગુન્હા અંગે આંક –૧ લગત ગુનો કબુલ કરેલ છે. તેઓનો આ પ્રથમ ગુનો છે. અને તેઓ કોઈ પણ જાતની ધાક ધમકી કે દબાણ વગર ગુનો કબુલ કરે છે. અને તેને ઓછી સજા કરવા તથા દયા રાખવા વિનંતી કરી છે. આ કામે આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામા આવેલ છે. આમ આરોપીના ઉપરોકત સંજોગો જોતાં દોષિત ઠરાવી નીચે મુજબ હુકમ કરૂ છું.

**હુકમ**

આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ–૨૫૨ અન્વયે ઈ.પી.કો.કલમ–૧૮૮ અન્વયેના ગુના સબબ તકસીરવાન ઠરાવી આરોપીને ૧૦૦/– અંકે રૂપીયા એકસો દંડ ભરવાનો હુકમ કરવામા આવે છે. અને જો દંડ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા. ૧૦, માહે :જુલાઈ સને ૨૦૨૧ ના રોજ જાહેર કર્યો

મુ. અમદાવાદ

(ટી.એ.ભાડજા)
બીજા એડી.જ્યુ.મેજી.ફ.ક
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર
યુ.આઈ.સી.કોડ નં. જીજે૦૧૩૯૯